


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૧ ૨૨ એપ્રિલ, ૨૦૧૬, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરો ગુરૂદેવ કી નાઈ...

# ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન હટાવાયું

## ર૯મીએ શક્તિપરીક્ષણ : ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશથી કેન્દ્રને મોટો ફટકો પડ્યો

## કેન્દ્ર સરકાર નૈનીતાલ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવા માટે તૈયાર

નૈનીતાલ, નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્ર સરકારને આજે મોટો ફટકો ઉત્તરાખંડ હાઈકોર્ટે આપી દીધો હતો. ઉત્તરાખંડ હાઈકોર્ટે કેન્દ્ર સરકારને મોટો ફટકો આપીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન દૂર કરી દીધું છે. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનને દૂર કરવામાં આવ્યા બાદ હવે ૨૯મી એપ્રિલના દિવસે વિધાનસભાના ફ્લોરટેસ્ટ કરવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ કેએન જોસેફના નેતૃત્વમાં હાઈકોર્ટની ખંડપીઠે કહ્યું છે કે, રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની બાબત સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાની વિરુદ્ધમાં છે. રાષ્ટ્રપતિ શાસનની જાહેરાતને પડકાર ફેંકતી મુખ્યમંત્રી હરિશ રાવતની અરજીને સ્વીકારી લેવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવા માટે જે તથ્યો ઉપર વિચારણા કરવામાં આવી હતી તેનો કોઈ આધાર નથી. ખંડપીઠમાં ન્યાયમૂર્તિ વીકે બિસ્ટ પણ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલની ભલામણ બાદ ૨૭મી માર્ચના દિવસે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવામાં આવ્યું હતું. ઉત્તરાખંડમાં ૧૮મી માર્ચના દિવસે રાજકીય સંકટની શરૂઆત થઈ હતી. નૈનીતાલ હાઈકોર્ટના ચુકાદા બાદ હરિશ રાવત સમર્થકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. કોંગ્રેસના નવ અસંતુષ્ટ ધારાસભ્યોની સદસ્યતાને સમાપ્ત કરવાની બાબતને યોગ્ય ઠેરવીને કોર્ટે કહ્યું છે તેમને અયોગ્ય થઈને પક્ષાંતર કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં રોજ માર્ગ અકસ્માતમાં ૪૦૦ નાગરિકો મોતને ભેટે છે

## દુનિયાભરમાં ભારતના માર્ગો સૌથી ખતરનાક : અન્ય વર્ષોની તુલનામાં ગયા વર્ષે માર્ગ અકસ્માતોમાં થયેલ મોતની સંખ્યામાં પાંચ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો

નવી દિલ્હી,તા. ૨૧

દુનિયાભ્ભરમાં ભારતના માર્ગો સૌથી ખતરનાક છે. વર્ષ ૨૦૧૫માં આ માર્ગો વધારે ખતરનાક બની ગયા હતા. અકસ્માતોને રોકવા માટે સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવાછતાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં આ વિષય પર પણ ચર્ચા ચાલે તેવી શકયતા છે. આ સંખ્યા વધીને ૧.૪૬ લાખ પરપહોંચી ગઈ છે. આ આંકડાના જણાવ્યા મુજબ દેશભરમાં રોજ માર્ગ અકસ્માતોમાં ૪૦૦ લોકોના મોત થઈ રહ્યા છે. દરેક ૩.૬ મિનિટમાં એક વ્યક્તિનુ માર્ગ અકસ્માતમાં મોત થઈ રહ્યુ છે. હાલમાં જારી કરવામાં આવેલા આંકડા સરકાર માટે ખતરનાક ચેતવણી સમાન છે. માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ વર્ષ ૨૦૨૦ સુધી માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યામાં ૫૦ ટકા ઘટાડો કરવાની યોજના ધરાવે છે. જુદા જુદા રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોની પોલીસ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે ૧૭૬૬૬ની ગણતરી સાથે ઉત્તરપ્રદેશ મોતના મામલે સૌથી વધારે છે. જે ૧૫૬૪૨ લોકોના મોતની સાથે તમિળનાડુ દેશમાં બીજા ક્રમાંક પર છે. ત્યારબાદ મહારાષ્ટ્ર અને કર્ણાટકના નંબર આવે છે.

# વિજય માલ્યાને વિદેશથી લાવવા માટે ઈડી સજ્જ : આક્રમક વલણ

## વિદેશ મંત્રાલયને પત્ર લખી માલ્યાને પરત લાવવા પ્રક્રિયા માટે માંગ : બ્રિટનમાંથી માલ્યાને પરત લાવવા વિદેશ મંત્રાલય હવે સીધી રીતે વાત કરશે : સીબીઆઈને ઈન્ટરપોલ રેડકોર્નર નોટિસ મેળવવા પત્ર લખવામાં આવશે

નવી દિલ્હી,તા. ૨૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વિજય માલ્યા સામે દેશ પરત લાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. વિજય માલ્યા ૯૦૦ કરોડ રૂપિયાના આઈડીબીઆઈ લોન છેતરપિંડી કેસમાં તેમની સામે ચાલી રહેલી મનિ લોન્ડરિંગ તપાસમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વિજય માલ્યાને હવે વિદેશમાંથી પરત લાવવાના પ્રયાસો ઈડી દ્વારા હાથ ધરાયા છે. તેમની સામે બિનજામીપાત્ર ધરપકડ વોરંટ જારી કરવામાં આવી ચુક્યું છે જેથી ઈડી દ્વારા હવે વિદેશ મંત્રાલયનો સંપર્ક કરીને તેમની સામે વિદેશમાંથી પરત લાવવાની પ્રક્રિયા હાથ ધરવાની માંગ કરવામાં આવી છે. ઈડી દ્વારા વિદેશ મંત્રાલયને પત્ર લખવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યસભાના સાંસદ સામે જારી કરવામાં આવેલી રેડકોર્નર નોટિસ મેળવવા સીબીઆઈને પણ પત્ર લખવામાં આવશે. મુંબઈ હાઈકોર્ટ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યા બાદ એનબીડબલ્યુના

● અનુસંધાન પાન-૭ પર

# નૈનીતાલ હાઈકોર્ટનો ચુકાદો બંધારણની જીત છે : કોંગ્રેસ

નવીદિલ્હી,તા. ૨૧

હરિશ રાવતે હાઈકોર્ટના આ નિર્ણયને લઈને ખુશી વ્યક્ત કરી છે અને કહ્યું છે કે, તે કોર્ટના આનિર્ણયનું સન્માન કરે છે. આખરે સત્યની જીત થઈ છે. નૈનીતાલ હાઈકોર્ટમાં આ ફેંસલા બાદ હરિશ રાવતે કોંગ્રેસ ધારાસભ્યોની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે. કોંગ્રેસના નેતા ઈન્દિરા હ્યદેશે હાઈકોર્ટના નિર્ણય પર ખુશી વ્યક્ત કરતા કહ્યું છે કે, કોંગ્રેસની પાસે બહુમતિ છે અને આને ન્યાયની જીત તરીકે ગણાવીને કહ્યું છે કે, ભાજપ સરકારને ફટકો પડ્યો છે. તેઓએ આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો છે. સાથે સાથે આને જનતાની જીત અને ચુંટાયેલા પ્રતિનિધિઓની જીત તરીકે ગણાવી છે. બીજી બાજુ કેન્દ્ર સરકારનું કહેવું છે કે, તે નૈનીતાલ હાઈકોર્ટના આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકશે.

# તીવ્ર અછતને નાથવા માટે ગુજરાત સરકારની હવે બહુસ્તરીય તૈયારી

## રાજ્યના પાંચ જિલ્લાના ૯૯૪ ગામો અર્ધઅછતગ્રસ્ત જાહેર : ૪૩૫ લાખ કિલો ઘાસનો જથ્થો હોવાની ખાતરી : રાહતના ભાવે ઘાસચારો આપવાનો નિર્ણય

અમદાવાદ, તા.૨૧

રાજ્યના પાંચ જિલ્લાના કુલ ૯૯૪ ગામોને અર્ધઅછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા છે. અછતને નાથવા માટે ગુજરાત સરકાર દ્વારા બહુસ્તરીય આયોજન કરવામાં આવ્યું છે. પીવાનું પાણી, ઘાસચારો અને રોજગાર મળી રહે તે માટે આગોતરા પગલા લેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા જુદા જુદા આયોજન કરવામાં આવ્યા છે. આજે આ અંગેની માહિતી અપાઈ હતી. મનરેગાના ૨૧૨૮ ગામો દ્વારા ૧.૩૭ લાખ શ્રમિકોને રોજગારી અપાઈ છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના દીર્ઘદૃષ્ટિસભર નેતૃત્વમાં રાજ્ય સરકારે રાજ્યના અછતગ્રસ્ત-અર્ધ અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીની અને ઘાસચારાની જરૂરિયાત ને ધ્યાને લઈને સઘન આયોજન હાથ ધર્યું છે એટલું જ નહીં જરૂરતમંદ લોકોને સમયસર રોજગાર મળી રહે તે માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અછતની સ્થિતિને પહોંચી વળવા મુખ્યમંત્રીએ વહીવટી તંત્રને હંમેશા દિશા સૂચન આપીને પ્રજાની સેવામાં કાર્યરત રાખ્યું છે.

ગુજરાત સરકારે હંમેશા પ્રજાજનોની ચિંતા કરીને કુદરતી આપત્તિથી પ્રભાવિત ક્ષેત્રોમાં રાહતના આવશ્યક તમામ પગલાઓ હાથ ધર્યા છે અને એટલે જ આવી આપત્તિથી લોકોને ઓછામાં ઓછું સહન કરવું પડે છે. વર્ષ ૨૦૧૫ના અનિયમિત ચોમાસાની અસરોને પરિણામે ઉદ્‌ભવેલી પરિસ્થિતિનો અભ્યાસ કરીને સરકારે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષપદે મંત્રી મંડળની પેટા સમિતિની રચના કરીને રાજ્યમાં અછત તેમજ અર્ધ અછતના નીતિ વિષયક નિર્ણયો લીધા છે.

આ સમિતિની મળેલી બેઠકમાં થયેલાં વિચારવિમર્શ અનુસાર રાજ્ય સરકારે ખરીફ પાક-૧ની આનાવારી તેમજ ઘાસચારા અને પીવાના પાણીની તીવ્ર તંગી તેમજ રોજગારીની માંગને ધ્યાને લઈને રાજ્યના પાંચ જિલ્લાના ૯૯૪ ગામોને અર્ધ અછતગ્રસ્ત જાહેર કર્યા છે.

M.D. SIR
(MATHS SIR)
- Std. 11th-12th Maths
- JEE Special
- Std. 10th Maths-All Board
- Eng-Guj both Medium
- 24 years Exp. Sir
- Group-Personal tuition at your home

Author of Harvy Prakashan
Mob. 9377128297, 9726408128
Plot No. 353/1, Sec.2-B, Gandhinagar







